Paper Code - 3539

B.A. Semester-III (ECONOMICS)
July-September-2021
CC - 305 (D) Investigation

કુલ સમય :– ૬૦ મીનીટ કુલ પ્રશ્નો : ૫૦ વિદ્યાર્થીએ ટીક કરવાના પ્રશ્નો : ૩૫

નોંધ : વિદ્યાર્થીએ માત્ર ૩૫ પ્રશ્નો જ ટીક કરવાના રહેશે. જો વધારે ટીક કરેલ હશે તો પ્રથમ ૩૫ પ્રશ્નો જ ગણતરીમાં લેવામાં આવશે.

1. આંકડાશાસ્ત્ર એટલે ગણતરી નું વિજ્ઞાન આ વ્યાખ્યા કોણે આપી ?
   (A) રિકાર્ડો (B) પીગું (C) બાઉલી (D) માર્શલ
2. ઈ.સ. 1600 સુધી આંકાડાશાસ્ત્રને બીજા કયા નામે ઓળખાતું હતું?
   (A) રાજ્યના અંકગણિત (B) રાજ્યનું શાસ્ત્ર (C) રાજ્યનું અર્થશાસ્ત્ર (D) રાજ્યનું વિજ્ઞાન
3. આધુનિક સમયમાં આંકડાશાસ્ત્રનો ઉપયોગ કયા અર્થમાં થાય છે ?
   (A) આંકડા તરીકે (B) આંકડાશાસ્ત્રીય પદ્ધતિ (C) A અને B બન્ને (D) એક પણ નહીં
4. ડોક્ટર દ્વારા કરાવવામાં આવતો બ્લડ ટેસ્ટ ક્યાં પ્રકાર ની તપાસ કહેવાય ?
   (A) સમસ્તી તપાસ (B)સરકારી (C) નિદર્શ તપાસ (D) ઉપરના બધા જ
5. માહિતી એકત્રિત કરવી, વિશાળ માહિતીને સંક્ષિપ્તમાં રજૂ કરવી, માહિતીને આકર્ષક રીતે રજૂ કરવી વગેરે આંકડાશાસ્ત્રના શું છે ?
   (A) કાર્યો (B) ઉપયોગો (C) મર્યાદાઓ (D) એક પણ નહીં
6. આંકડાશાસ્ત્રનો ઉપયોગ ક્યાં થાય છે ?
   (A) રાજકીય ક્ષેત્રે (B) અર્થશાસ્ત્રના ક્ષેત્રે (C) વેપાર વાણિજ્ય ક્ષેત્રે (D) ઉપરના બધા જ
7. નીચેના માંથી કયું કાર્ય આકદાશાસ્ત્રનું નથી ..... ?
   (A) વિશાળ માહિતીને સંક્ષિપ્તમાં જૂ કરવી (B) માહિતી એકત્રિત કરવી (C) માહિતીને આકર્ષક રીતે રજૂ કરવી (D) એક પણ નહીં
8. કોઈ કંપનીમાં વસ્તુનો સ્ટોક કેટલો રાખવો, નવો ઓર્ડર ક્યારે લેવો વગેરે પ્રશ્નોના વ્યાજબી ઉકેલ માટે આંકડાશાસ્ત્રની કઈ પદ્ધતિનો ઉપયોગ થાય છે ?
   (A) જથ્થા નિયંત્રણ (B) કાર્યાત્મક સંશોધન (C) A અને B બન્ને (D) એક પણ નહીં
9. આંકડાશાસ્ત્રનો ઉપયોગ અન્ય કયા શાસ્ત્રોમાં થાય છે ?
   (A) મનોવિજ્ઞાન (B) ખગોળશાસ્ત્ર (C) ભૂસ્તરશાસ્ત્ર (D) આપેલ બધા જ
10. સંશોધન ની શરૂઆતમાં શું કરવું અભ્યાસી માટે વધુ ઉપયોગી છે ?
    A તારણો આપવા B સ્મબધિત સાહિત્ય સમીક્ષા d મર્યાદા નક્કી કરવી C ઉપસહાર
11. નીચેનામાંથી કઈ માહિતીનો અભ્યાસ આંકડાશાસ્ત્રમાં થઈ શકતો નથી ?
    (A) પ્રામાણિકતા (B) પ્રેમ (C) બુદ્ધિચાતુર્ય (D) આપેલ બધા જ
12. નીચેનામાંથી આંકડાશાસ્ત્રની મર્યાદાઓ કઈ છે ?
    (A) માત્ર સંખ્યાત્મક માહિતીનો અભ્યાસ કરે છે (B) વ્યક્તિગત અભ્યાસ થઈ શકતો નથી (C) માહિતીને આકર્ષક રીતે રજૂ કરે છે (D) A અને B બન્ને
13. સમષ્ટિ ના તમામ એકમ માંથી આકસ્મિક રીતે થોડા એકમો તપાસ માટે લેવા એટલે
    A વર્ગીય તપાસ B ખાસ તપાસ C સમષ્ટિ તપાસ D લોટરી પદ્ધતિ તપાસ
14. આંકડાશાસ્ત્રય તપાસની મૂક્ય રીતો કેટલી છે .....?
    (A) બે (B) ત્રણ (C) ચાર (D) પાંચ
15. કઈ તપાસમાં સમગ્ર જત્થાના પ્રત્યેક એકમ વિશે માહિતી એકત્રિત કરવામાં આવે છે ?
    (A) નિદર્શ તપાસ (B) સમષ્ટિ તપાસ (C) બાહ્ય તપાસ (D) આપેલ બધા જ
16. જથ્થાના અમુક જ એકમો અંગે માહિતી એકત્રિત કરી તે પરથી સમગ્ર જથ્થાની ખાસિયતો વિશે અનુમાન કરવામાં આવે તો તે કઈ તપાસ કહેવાય ?
    (A) સમષ્ટિ તપાસ (B) નિદર્શ તપાસ (C) આંતરિક તપાસ (D) બાહ્ય તપાસ
17. નમૂનામાંથી ગણાયેલી કિંમતો – મધ્યક, પ્રમાણિત વિચલન, સહસંબંધાંક વગેરેને શું કહેવામાં આવે છે ?
    (A) સમષ્ટિ (B) નિદર્શ (C) આગણકો (D) આપેલ બધા જ
18. જે નિદર્શમાં સમષ્ટિના પ્રત્યેક એકમને પ્રવેશવાની સમાન તક આપવામાં આવે તેને કયું નિદર્શન કહેવાય ?
    (A) યદચ્છ નિદર્શન (B) સ્તરિત નિદર્શન
    (C) સ્તરિત યદચ્છ નિદર્શન (D) વૈકલ્પિક નિદર્શન
19. દરેક સ્તરમાંથી યદચ્છ રીતે નમૂના પસંદ કરવામાં આવે તો તેને કઈ નિદર્શન પદ્ધતિ કહેવામાં આવે છે ?
    (A) સ્તરિત નિદર્શન (B) યદચ્છ નિદર્શન (C) વૈકલ્પિક નિદર્શન (D) સ્તરિત યદચ્છ નિદર્શન
20. જો સમષ્ટિનો મધ્યક શોધવાનો હોય તો સમષ્ટિમાંથી યદચ્છ નિદર્શન લઈ તેનો મધ્યક શોધવામાં આવે તો તેને શું કહેવાય ?
    (A) સમષ્ટિ (B) સમષ્ટિનો આગણક (C) નિદર્શ (D) નિદર્શનો આગણક
21. સમષ્ટિના એકમોમાંતી પસંદ કરવામાં આવેલા .એકમો .. સમષ્ટિમાં પાછા મૂકવામાં ન આવે તો તે રીતની પસંદગીને કેવું નિર્દેશ કહેવામાં આવે છે ?
    (A) પૂરવણી સહિત (B) પૂરવણી રહિત (C) યદચ્છ નિદર્શન (D) સ્તરિત નિદર્શન
22. સમષ્ટિના એકમોમાંથી પસંદ કરવામાં આવેલા એકમો પાછા મૂકવામાં આવે તો તે રીતની પસંદગીને કયું નિદર્શન કહેવાય ?
    (A) યદચ્છ નિદર્શન (B) સ્તરિત યદચ્છ નિદર્શન
    (C) પૂરવણી સહિત નિદર્શન (D) પૂરવણી રહિત નિદર્શન
23. સમષ્ટિમાંથી લેવામાં આવેલા એકમોની સંખ્યાને શું કહેવામાં આવે છે ?
    (A) નિદર્શનું કદ (B) નિદર્શનું પરિમાણ (C) નિદર્શન (D) એક પણ નહીં
24. નિદર્શનની કઈ પદ્ધતિમાં સમષ્ટિના બધાં જ વિભાગોનું પ્રતિનિધિત્વ થતું હોય છે ?
    (A) યાદચ્છિક નિદર્શન (B) સ્તરિત યાદચ્છિક નિદર્શન (C) સરળ નિદર્શન (D) આપેલ બધા જ

25. યાદચ્છિક નિદર્શન લેવા માટે સમષ્ટિના દરેક એકમોને નંબરો આપવામાં આવે અથવા સરખા કાર્ડ તૈયાર કરી દરેક એકમના નંબરો લખવામાં આવે અને પછી ચિઠ્ઠીઓ ઉપાડવામાં આવે તો તે કઈ પદ્ધતિ છે ?
(A) લોટરી પદ્ધતિ (B) નંબરોની પદ્ધતિ (C) A અને B બંને (D) એક પણ નહીં

26. આંકડાશાસ્ત્રીય માહિતીના મુખ્ય પ્રકારો કેટલા છે ?
(A) બે (B) ત્રણ (C) ચાર (D) પાંચ

27. કોઈ વ્યક્તિ અથવા સંસ્થાની મદદ લઈને સૌ પ્રથમ વાર જ કોઈ માહિતી મેળવી હોય તો તેને કઈ માહિતી કહેવામાં આવે છે ?
(A) ગૌણ માહિતી (B) પ્રાથમિક માહિતી (C) અંતિમ માહિતી (D) આપેલ બધા જ

28. .ગૌણ માહિતી મેળવવા માટે શાનો ઉપયોગ કરવામાં આવે છે ?
(A) મેગેઝિનો (B) સામયિકો (C) શંશોધન અંગેના પ્રકાશનો (D) આપેલ બધા જ

29. કોઈ વ્યક્તિ કે સંસ્થાએ તદ્દન નવેસરથી એકત્રિત કરેલી માહિતી કઈ માહિતી ગણાશે ?
(A) પ્રાથમિક માહિતી (B) ગૌણ માહિતી (C) કાચી માહિતી (D) એક પણ નહીં

30. પ્રાથમિક માહિતી કેવા સ્વરૂપની ગણી શકાય ?
(A) પૂર્ણ ઉત્પાદિત (B) કાચા માલ (C) પાકા માલ (D) એક પણ નહીં

31. માહિતી સંગ્રહીત કરવાનો હેતુ અને માહિતીનો ઉપયોગ કરવાનો હેતુ હંમેશા કઈ માહિતીમાં એક જ હોય છે ?
(A) ગૌણ માહિતી (B) પ્રાથમિક માહિતી (C) ચોખ્ખી માહિતી (D) આપેલ બધા જ

32. નીચેનામાંથી કઈ રીતથી પ્રાથમિક માહિતી મેળવી શકાતી નથી ?
(A) પ્રત્યક્ષ જાત તપાસ (B) પરોક્ષ તપાસ (C) સરકારી પ્રકાશનો (D) પ્રશ્નાવલી

33. સંશોધક જેમની પાસેથી માહિતી મેળવવાની હોય તેમની પાસેથી જાતે માહિતી મેળવે તેને કઈ તપાસ કહેવાય ?
(A) પરોક્ષ તપાસ (B) પ્રત્યક્ષ જાત તપાસ (C) પ્રશ્નાવલી (D) ખબરપત્રી દ્વારા તપાસ

34. તપાસનું ક્ષેત્ર મર્યાદિત હોય ત્યાં કઈ પદ્ધતિ દ્વારા માહિતી મેળવવી યોગ્ય રહેશે ?
(A) પ્રત્યક્ષ જાત તપાસ (B) પરોક્ષ તપાસ (C) પ્રશ્નાવલી (D) ખાનગી પ્રકાશનો

35. સંશોધક આગણુકોની નિમણુક કરી તેમની મારફતે માહિતી મેળવે તે પદ્ધતિને કઈ પદ્ધતિ દ્વારા તપાસ કરી તેમ કહેવાય ?
(A) પોસ્ટ દ્વારા તપાસ (B) આગણુક દ્વારા તપાસ (C) વ્યક્તિગત તપાસ (D) પ્રત્યક્ષ જાત તપાસ

36. પ્રશ્નાવલીના પ્રશ્નો સામાન્ય રીતે કેવા હોવા જોઈએ ?
(A) ટૂંકા (B) સાદા (C) સ્પષ્ટ (D) આપેલ બધા જ

37. .આદર્શ પ્રશ્નાવલી માં પ્રશ્નો ની સંખ્યાનો આધાર શેના પર હોય છે?
(A) સંશોધનનો હેતુ (B) સંશોધનના કાર્યક્ષેત્ર (C) A અને B બંને (D) એક પણ નહીં

38. પ્રશ્નાવલીમાં પૂછવામાં આવતો પ્રશ્ન તપાસના હેતુને કેવો હોવો જોઈએ ?
(A) સુસંગત (B) અસંગત (C) વિરુદ્ધમાં (D) એક પણ નહીં

39. માહિતીનું વર્ગીકરણ અને કોષ્ટક રચના દ્વારા વ્યવસ્થિત અને સંક્ષિપ્ત રૂપ આપવાથી માહિતીની સરખામણી કરવાનું કામ કેવું બને છે ?
(A) ગુંચવણભર્યું (B) સરળ (C) કહી શકાય નહીં (D) લંબાણપૂર્વક

40. માહિતીના એક જ ગુણધર્મને ધ્યાનમાં રાખીને વર્ગીકરણ કરવામાં આવે તો તેને કેવું વર્ગીકરણ કહેવાય?
(A) બહુવિધ વર્ગીકરણ (B) સ્પષ્ટ વર્ગીકરણ (C) સાદુ વર્ગીકરણ (D) આપેલ બધા જ

41. જ્યારે એક કરતાં વધારે ગુણધર્મને ધ્યાનમાં રાખીને વર્ગીકરણ કરવામાં આવે ત્યારે તેને કયું વર્ગીકરણ કહેવામાં આવે છે ?
(A) સ્પષ્ટ વર્ગીકરણ (B) સાદુ વર્ગીકરણ (C) બહુવિધ વર્ગીકરણ (D) એક પણ નહીં

42. માહિતી સંખ્યાત્મક સ્વરૂપમાં રજૂ કરવામાં આવી હોય તો તેનું વર્ગીકરણ કરવા માટે કઈ કિંમતો ધ્યાનમાં લેવામાં આવે છે ?
(A) ચલની કિંમતો (B) અચલ (C) સરેરાશ કિંમતો (D) ન્યૂનતમ કિંમતો

43. ચલ xની જુદી જુદી કિંમતો અને તેની આવૃત્તિઓ દર્શાવતી ગોઠવણીને ચલનું શું કહેવામાં આવે છે ?
(A) આવૃત્તિ (B) આવૃત્તિ વિતરણ (C) આકૃતિ (D) આપેલ બધા જ

44. જો માહિતી સતત ચલની હોય, તો ચલની કિંમતોના યોગ્ય સંખ્યામાં વર્ગો બનાવી તેમાં આવૃત્તિ મેળવવામાં આવે અને જે આવૃત્તિ વિતરણ બને તેને કયું આવૃત્તિ વિતરણ કહેવાય ?
(A) સતત આવૃત્તિ વિતરણ (B) અસતત આવૃત્તિ વિતરણ (C) આદર્શ આવૃત્તિ (D)શૂન્ય આવૃત્તિ વિતરણ

45. કોષ્ટક રચના એ માહિતી એકઠી કરવી અને ... તેમાંથી નિર્ણય તારવવો એ બંને વચ્ચેની એક કડી છે, એક ક્રિયા છે
– આ વ્યાખ્યા કોની છે ?
(A) પ્રો. એલ.ઈ. કોનોર (B) ય્યુટલ (C) બાઉલી (D) પોયસન

46. કોષ્ટકનો ક્રમ આપવો શા માટે જરૂરી છે ?
(A) કોષ્ટકની સરળ ઓળખાણ માટે (B) કોષ્ટકના સંદર્ભ માટે (C) A અને B બન્ને (D) કોષ્ટકના શીર્ષક માટે

47. જ્યારે વર્ગીકરણ કરતી વખતે એક કરતાં વધુ લક્ષણો ધ્યાનમાં લેવામાં આવે તો તેથી બનતું કોષ્ટક કેવું કહેવાય ?
(A) સાદુ કોષ્ટક (B) બહુવિધ કોષ્ટક (C) વર્ગીકૃત કોષ્ટક (D) ઉપરના બધા જ

48. કોષ્ટક રચનાના ઉપયોગથી શાનો..... થાય છે ?
(A) સમય (B) શકિત (C) નાણા (D) આપેલ બધા જ

49. એક જ પ્રકારની વિગત માટે આકૃતિ દોરવામાં આવે તો તેને કઈ આકૃતિ કહેવામાં આવે છે ?
(A) એકમાપી (B) દ્વિમાપી (C) ચિત્રાકૃતિ (D) લંબ આકૃતિ

50. કઈ આકૃતિઓને દ્વિમાપી આકૃતિઓ કહેવામાં આવે છે ?
(A) ચોરસ આકૃતિ (B) લંબચોરસ આકૃતિ (C) વર્તુળ આકૃતિ (D) ઉપરના બધા જ